**Letter No: ED/0408/01/2026 Approved Date: 13-01-2026**

<u>અગત્યનું/ તાત્કાલિક</u>

ક્રમાંક: ED/MHT/e-file/3/2025/38/U/G-2
ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
બ્લોક નં.૨, ૬ઠ્ઠો માળ,
સચિવાલય,
ગાંધીનગર-૩૮૨૦૧૦
તા.**e-Sign** મુજબ.

પ્રતિ,

નિયામકશ્રી,
શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
સેક્ટર-૧૯, ગાંધીનગર.

વિષય :બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કર્મચારીઓને જૂની પેન્શન યોજના નો લાભ મેળવવા માટેની પાત્રતા ધરાવતા કર્મચારીઓની સેવા જોડાણ બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અનુસંધાને આપની કચેરીના તા.૦૬/૦૧/૨૦૨૬ (પત્ર ક્ર.COS/MIS/e-file/276/2025/1164/SECONDARY)ના પત્રથી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ મેળવવા માટેની પાત્રતા ધરાવતા કર્મચારીઓની સેવા જોડાણ બાબતના માર્ગદર્શન પરત્વે સ્પષ્ટતા કરતા જણાવવાનું કે, મદદનીશ શિક્ષકમાંથી આચાર્ય તરીકે સીધી ભરતીથી નિમણુંક અને શિક્ષક માંથી જુના શિક્ષક તરીકે નિમણુંક પામેલા કર્મચારીઓના કેસોમાં શિક્ષણ અને લેબર વિભાગના તા.૨૧/૧૨/૧૯૭૧ના ઠરાવથી નિયત થયેલ કાર્યપધ્ધતિ ધ્યાને લેતાં, હાલમાં જુની પેન્શન યોજનાનો લાભ આપવા માટે સેવા સળંગ કરવા બાબતે નાણા વિભાગની અલગથી મંજુરી મેળવવાની રહેતી નથી. વધુમાં, નાણા વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ અને તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવમાં સરકારશ્રીની મંજૂરી મુજબ નિયત થયેલ કાર્યપધ્ધતિ મુજબ આપની કક્ષાએથી જ નિયમોનુસારની આનુષાંગિક કાર્યવાહી તાત્કાલિક ધોરણે હાથ ધરવાની રહેશે. આ માર્ગદર્શન અંગે સ્પષ્ટતા સરખા ક્રમાંકની ફાઈલ પરના નાણા વિભાગની તા.૦૧/૦૧/૨૦૨૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે આપવામાં આવે છે.

આપની વિશ્વાસુ,
**e-Sign**
(ડૉ.મેઘલ રાઠોડ)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

<u>નકલ રવાના જાણ સારૂ:-</u>

૧. નાયબ સચિવશ્રી, (પેન્શન અને તિજોરી), નાણા વિભાગ, બ્લોક ૪/૭, સચિવાલય, ગાંધીનગર.

૨. નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટની કચેરી, બ્લોકક-૧૮, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.